જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૨/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧૯૬/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૧૨/૨૦૨૨ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૮૧,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૯૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૧૬૯ લીટર દેશી દારૂ, ૧૪૭ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૯૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૬,૪૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૯૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૧૯૯/૨૦૨૨**

**રખિયાલઃ** કિરણબહેન ડો/ઓ હિંમતભાઇ ડાભી (ઉ.વ.૨૫) (રહે. બ્લોક નં-૧૩/૨૯ બોમ્બે હાઉસીંગ પોલીસ લાઇન ગોમતીપુર) એ તા.૦૮/૧૨/૨૦૨૨ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૨૨ ના રોજ મોબાઈલ નંબર ૯૨૬૩૦૮૬૮૬૫, ૭૯૮૦૪૭૯૯૭૫, ૭૦૭૪૯૦૩૮૪૪, ૮૭૭૭૫૪૫૨૯૭ ના ધારકો એ કિરણબહેન ડાભીને ફોન કરી બિન્જોજ ફાઇનાન્સ કંપનીમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી હોમ લોન તથા અન્ય લોન જોઇએ તેટલી આપીએ છીએ એવી લાલચ આપી કિરણબહેન ડાભીને લોન અપાવવાની વાત કરી કિરણબહેન ડાભીના દસ્તાવેજ મેળવી લઈ ઓનલાઈન અલગ-અલગ ટ્રાન્જેકશનથી કુલ રૂપિયા ૬૩,૧૯૯/- મેળવી લઈ લોન નહી કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.પી.સોલંકી ચલાવે છે.

**ઘરફોડઃ** **સમાચાર યાદી નં.૨૨૦૦/૨૦૨૨**

**શહેરકોટડાઃ** અશોકભાઇ રમણભાઇ પરમાર (રહે. સહકારનગર વિભાગ-૧ રચના સ્કુલ પાસે પ્રેમનગર મેમ્કો) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૨/૨૦૨૨ રાતના ૧૨/૦૦ થી તા.૦૮/૧૨/૨૦૨૨ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની જાળીનુ તેમજ દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૭૬,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.વિહોલ ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૧/૨૦૨૨**

**નરોડાઃ** ધર્મેન્દ્રસિંહ ભારતસિંહ ઝાલા (ઉ.વ.૩૨) (રહે. ગણેશ કોલોની જનતાનગર સામે મનમોહન ચાર રસ્તાની બાજુમાં ઓઢવ) તા.૦૮/૧૨/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે નરોડા પટીયા ચારણવાસ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક વાદળી રંગના એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષોએ ધર્મેન્દ્રસિહ ઝાલાને રોકી બોલાચાલી ઝગડો કરી ધર્મેન્દ્રસિહ ઝાલાની બેગમાંથી તેમજ પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૪,૭૦૦/- મળી કુલ રૂપિયા ૩૮,૦૯૦/- કાઢી લઈ લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ધર્મેન્દ્રસિંહ ઝાલાએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૨/૨૦૨૨**

**રિવરફ્રંટ વેસ્ટઃ** પ્રેમપ્રકાશ મેહરસીંઘ ભલ્લા (ઉ.વ.૮૩) (રહે. કનકકલા એપાર્ટમેન્ટ-૧ સીમા હોલ સામે સેટેલાઈટ) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૨/૨૦૨૨ કલાક ૧૨/૫૦ વાગ્યા પહેલા સરદારબ્રીજ સોમનાથ ભુદરનો આરો નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** ભાવનાબહેન ડો/ઓ ઇશ્વરભાઇ પટણી ( રહે. બાપાલાલ ઘાચીની ચાલી ગેટ-૨ ચમનપુરા મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા. ૦૭/૧૨/૨૦૨૨ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.લિંબોલા ચલાવે છે.

**બાપુનગરઃ** કનૈયાલાલ વાલાભાઇ મકવાણા (ઉ.વ.૫૩) (રહે. શિવમ ફ્લેટ આનંદ ફ્લેટની બાજુમાં બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૨/૨૦૨૨ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર હિરેન મોબાઇલ નામની દુકાન નજીક ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૧૨/૨૦૨૨ સાંજના ૬/30 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** પ્રકાશભાઇ કિશનલાલ વર્મા (ઉ.વ.૬૦) (રહે. પીરૂભાઇની ચાલી જગદીશનગર પ્રહલાદસિંગ પાર્ટી પ્લોટની બાજુમાં અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૦૮/૧૨/૨૦૨૨ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી